


૫૦૨૦

प्रेमभक्ति रसमय मनोरंक–

श्री ओधवगीता·

શ્રીગણેશાયનમઃ ॥ ॥શ્રીગોપીજન વલ્લભાયનમઃ ॥

સમે કૃષ્ણ ઓધવરે, બેઠા વાતો કરે;
રે મનમાં એમ જાણ્યું રે, અમે મોટા હરીવડે. ૧
અભીમાન લાવીરે, ઓધવે મનમાં જાણીયું;
એને ગોકુળ મેહેલ્યું રે, શ્રી કૃષ્ને મનમાં આણીયું. ૨
ી કૃષ્ણ કહ્યુ રે, ઓધવજી સાંભળો;
. વાટ જુવેરે, રથે બેસી પળો. ૩
ન મારા વાલારે, સગા મુને સાંભરે;
તમે જોઇ આવોરે, વ્રજજન શું કરે. ૪
કંસ મારીરે, ઘેર એમ કહી આવીઆ;
વાટ જુવેરે, કેહેશે કેમ ન આવોઆ. ૫
ામણ દેજોરે, નંદજી તાતને;
ુશળ કહેજોરે, જસોદા માતને. ૬
પ્રણામ કહેજોરે, વ્રજ સઉ સાથને;
રો સુખ થાયરે, ગુણ ગાથને. ૭

તમે તો માહા જાણછોરે, ઓધવજી કહુ઼ં;
વ્રજની ઉંચી દશારે, તેતો હું નવ લહુ઼ં.
ઘણું સંતોષ દેજોરે, દીન બે ચાર રહીને;
ઓધવ તમે સીધ થાઓરે, વ્રજ મળો વહીને.
તમે પ્રવીણ મોટારે, એવું વદારજો;
અધીરા ધીર ધરેરે, તેને સમજાવજો.
ઓધવજી રથ જોડીરે, ઉતીએ પરવર્યાં;
સાંજ સમે ગોકુળ પોત્યારે, નંદને દ્વાર ઉતર્યાં.
ઓધવજીને નંદ મળ્યારે, ઘણું હેતે કરી;
જશોદાને કુશળ કહ્યુંરે, ઘ્રતી રૂડા હરી.
એવો સંદેસો સુણીરે, જસોદા ઓચરે;
ઓધવજી ક્રષ્ન મારોરે, મથુરામાં શું કરે.
અક્રૂર સાથેરે, અમે એને વારતા;
એમને દુઃખ નથીરે, કંહસને મારતા.
એમ અમને દોહલાં કીધાંરે, અમથી શું સરે;
કેહેજો મુને તારા વીગનરે, તુ સીખ માની કરે.
એકવાર દુધ ઢોળુ રે, કહ્યું તારે આડે ચડયો;
મે જઇ બાધણે બાંધ્યોરે, ઘણો વરાસી પડયો.
ઉઠો ગાયો સઉ આયડીરે, કહેતી હું આવડી;
હવે વચન નહી મેહેલુ઼ંરે, સુત તમને જગાડી.

ઓધા અમે પુત્ર ભાવેરે, કામ દીધા કહી;
જાણે રખે ધેન ચરાવેરે, બીતો આવે નહી. ૧૮
કહેને કૃશ્નજીનેરે, કામ કાંઇ નહીં દઉં;
હરી હઇઆમાં ઘાલીરે, મળી મેકડા લેઉં. ૧૯
ઓધવ અમે જાણીને આપ્યારે, જારે લાલમુખ દેખશું;
ત્યારે દહાડા કેહેવા હોશેરે, લેખે કરી લેખશું. ૨૦
જસોદા નંદને ઓધવરે, કરંતા વાતડી;
કેહેતા કૃશ્ન કથારે, વીહાણી રાતડી. ૨૧
વલોણાની ઝેણ વાગેરે, ભલા વ્રજ ભામની;
ઘેર ઘેર સઉ ગાયરે, લીલા હરીના નામની. ૨૨
અરે ધન ધન ગોકુળરે, ઓધવજી મન ધરે;
ચહુંદીસ વ્રજ બાળારે, કૃષ્ન કૃષ્નજી કરે. ૨૩
નંદને ઘેર રથ છુટોરે, સાંભળો આ બેની;
સકે જો કૃષ્ણજી આવ્યારે, ચાલી અગાનેણી. ૨૪
ધશી સખી સરવે ધાઇરે, દીઠો રથ રાવળો;
અસાડો મેઘ આવ્યોરે, વાધ્યો એમ વાવળો. ૨૫
અન્યો અન્ય વારતા કરેરે, સરવે ટોળે મળી;
ઓધવજી રથે બેઠારે, વ્રજ વેંટી વળી. ૨૬
અરે પ્રેમ મય ઓધવરે, ભલે તમે આવીઆ;
તેમને શ્રી કૃષ્ણ મળ્યારે, લેખુ કાંઇ લાવીઆ. ૨૭

મુને શ્રી કૃષ્ણે કહ્યુંરે, તે તો કહું સાંભળો;
અતી અજ્ઞાન પણુંરે, તેથી તમે ટળવળો. ૨૮
તમને શ્રી કૃષ્ણે કહ્યું રે, તેતો કહું વીધે કરી,
ટાળો તમે કામ કુડારે, સાંભળો સરવે સુંદરી. ૨૯
તમે સરવે નારી સીખોરે, વેદો ગતી વેદની,
કહ્યું એ વાત મુકોરે, વીખીઆ ભેદની. ૩૦
વીખીઆ અધર્મ કહેછેરે, વેદ પુરાણમાં;
કહુંછું પાવન દેજોરે, વીખે જલ તાનમાં. ૩૧
ઓધવનાં વચન સુણીરે, ગોપી સરવે ઓચરી;
વેદ સીર વાટ પાડીરે, દુઃખ હૃદએ ધરી. ૩૨
અમે હરીજન ટળીએરે, થએ અબધુત શુતરૂ;
કેમ ખરકંધ ચડુરે, ગજેથી ઉતરૂ. ૩૩
શ્રી રામ પ્રગટ સરૂપે મળ્યારે, જોયું પુરાણમાં;
તજી સુખ સેજ સજ્યારે, સુવું મશાણમાં, ૩૪
વેદતો એવો ઓધવરે, ઉચારો દાકડો;
અમે વ્રજ સુંદરી ઓધવરે, રાખું હરી રોકડો. ૩૫
ભકતી સુવાગણ ભલીરે, વેદ શું બાપડો;
ભેનો રંગ ઉપટી જાસેરે, કસુંબો કાપડો. ૩૬
જોગતો ઓધવ એવોરે, ઉતાર્યો ઉતરે;
ભકિત સુવાગણ ભલીરે ચડી ના ઉતરે. ૩૭

ઓધવજી તમે જુવોરે, જઇ વેદ પુરાણ વીખે,
તેહ હરી કેમ ન પામેરે, વીધાત્રા લેખ લખે. ૩૮
ઓધવ બ્રહ્મજ્ઞાન તેહનેરે, જે બ્રહ્મ ભુત વંત છે;
અમને શ્રી કૃષ્ણ વર્યારે, ભવો ભવ ખંત છે. ૩૯
ઓધા અમે આણી આંખેરે, દીન થઇ દીઠડા;
જુવો તમે દેવ ચક્ષેરે, લાગે હરી મીઠડા. ૪૦
અમારી ભકતીરે, સદા વ્રજ વાસમાં;
ઓધા જઇ કાશીરે, ભમો સનાસમાં. ૪૧
વેદ વીવેક કહેરે, ત્યાંથી અમે ભાગીએ;
ગજે ચડે સ્વાન ભસેરે, તેથી કેમ લાજીએ. ૪૨
ઓધા વેદ શું જાણેરે, અમારી વાતમાં;
વેદ તો દુર દેખાડેરે, હરી મારા હાથમાં. ૪૩
ઓધવજી વેદે કહ્યુંરે, તેતો તમે કરો;
અમારે વીહાર લીલારે, વ્રજમાં પણ રહે પરો. ૪૪
ઓધવ હોય તે જાણેરે, પ્રાણની પ્રીતડી,
અમે તો વ્રજવાસીરે, રાખી એ રીત રોકડી. ૪૫
ઓધવજી વાત શું કરોરે, વેદ વીવેકની;
તમે તો કાંઇ ન જાણોરે, સમદમના ટેકની. ૪૬
જેમ કાંઇ સીંધુ માંહીરે, નદીના નીર મળ્યાં;
તે કેમ ટાળ્યાં ટળેરે, જોતામાં મન મળ્યાં. ૪૭

જેને ઠકરાઇ હોએરે, તેને ના હોય ભીખવું;
ઓધવજી પ્રેમનું લક્ષણરે, હવે નહી સીખવું. ૪૮
તમે માહા ભકત ઓધવરે, કહું છું તે માટે;
જેને હરી વાલા ન હોયરે, જોગતો તેને ગટે. ૪૯
મથુરામાં જોગ ઘટેરે, સીહ્યાને સીખવો;
અમે તેના યારી નહીરે, ઉવેખી નાખવો. ૫૦
હરીએ મનમાં એમ જાણુંરે, એને કાંઇ અનુસરૂ;
એવી અવીચારી વાતેરે. અમે લાજીમરૂં. ૫૧
તમારો વાંક નહીરે, ઓધવજી સાંભળો;
કંસ સંઘાર કીધોરે, થયો રસ કરમળો. ૫૨
જેવો સંગ પાસ હોયરે, તેવો રંગ ચોળનો;
ઓધા રંગ ઉપટી જાશેરે, કુડા કંકોળનો. ૫૩
જઇ કરી કંસ માર્યોરે, કીધી ઘણી કબજે;
હવે અમને જોગ ગટેરે, અહીંથી ઉપજે. ૫૪
એઉનો સંગ કરીરે, ઘણું હરી ગાજતા;
ઓધા હરીએ એવી કીધીરે, હવે નથી લાજતા. ૫૫
ઓધવજી આવજો તેડીરે, હવે કાંઇ નહી કહું;
અમે એક આશ વંદુરે, વળી સખી થઇને રહું. ૫૬
વ્રજ વધુ તજીરે, ચડા ભલા જાજીએ,
કુબડીસું રંગ કરેરે, ઘણું અમે લાજીએ. ૫૭

અમારૂ નામ ન લેશોરે. પ્રીત લજાવતાં;
મથુરામાં કુબજા વલભરે, તેને નથી આપતા. ૫૮
પ્રીત તરૂવારે બાંધીરે, પગ પાછા ભરે;
ઓધા તેથી મરણ ભલુરે, જીવીને શું કરે. ૫૯
જાં રસ પ્રીત તાંહેરે, અધરમ ન પરવરે;
ઓધા કામસીંગને વનરે, અજીઆ આવી ચરે. ૬૦
ઓધવજી તમને આવડેરે, તમો ધરમ નેમમાં;
અમે ઘણું લાભે લોભ્યારે, પચ્યા રસ પ્રેમમાં. ૬૧
અમે ઘણા દીન વાર્યારે, પ્રાણ પ્રીત જાણીએ;
વેદધરમ પ્રીત વનાનોરે, રૂદે કેમ આણીએ. ૬૨
આદ આચારજ ઓધારે, અમે આહીરડા;
અમે રસ પ્રીતે રીઝુરે, મરીએ ને સહએસડા. ૬૩
અમે જ્યાં રસજ્ઞાન કરતારે, ત્યાં હરી નાચતાં;
અમે વ્યભીચારીને સેવ્યારે, રામે હરી રાચતાં. ૬૪
હોય કુળવંતરે, વીધીગત આવડે;
ન હોય કુળવંત તેનેરે, સીખવ્યુ ના સાંપડે. ૬૫
સરવસ એને સોંપ્યુરે, સીખુ શી સાધના;
ઓધવજી મન અનેક હોયરે, કીજીએ આરાધના. ૬૬
ઓધવજી આટલા દહાડારે, છાનુ અમે રાખતાં;
આજ તમો આગળ કહ્યુરે, કેને ન દાખતાં. ૬૭

અમારો નાથ ઓધવરે, મથુરા નથી ગયો,
રખે દુર દેખોરે, આંખોમાં છુપી રહ્યો. ૬૮
સબંધ સ્વરૂપ એહેરે, જુઓ પ્રીત થીર કરી.
વ્રજમાં વીહાર કરતારે. તમે નથી દીઠા હરી. ૬૯
ઓધવ નંદ નંદનરે. વદન વીશાળતા;
જુવોને દેવ ચક્ષેરે, તમે નથી ભાળતા. ૭૦
તમો વીપ્રીત દીઠારે, જાજા ભાળશું;
જેણે જોયા હોય તે જાણેરે, વેણુ વીશાળશું. ૭૧
તમે જુવો કંસ માર્યોરે, તેતો હવે તાં વશો;
અમારા વના વાલોરે, વીઠલો દવેશો. ૭૨
ભલુ જાણો તો જાવરે, સઘળે ફરો સુખે;
અમો વરજ નારી વીનારે, એને કોણ ઓળખે. ૭૩
ઓધવજી રશીક રંગ માણેરે, ત્યાં વ્રજ કયાં વસે;
અમારી વ્રજ એવીરે, આક્રૂરડા આવશે. ૭૪
ઓધવજી સાંભળો તમેરે, સબંધની પ્રીતડી;
અમને હરીએ રાસ રમાડ્યારે, સરદની રાતડી. ૭૫
વળી હરીએ વેણુ વગાડીરે, વંદ્રાવનમાં તેડીઆ;
મધુરો નાદ સુણીરે, ધીરજ ના રહીવેડીઆ. ૭૬
હરીએ કહ્યું અડધી રાતેરે, અહીં કેમ આવીઆ;
અમને હરીએ મેહેણું દીધુંરે, ઘણું લજાવીઆ. ૭૭

ત્યારે અમે હાથ જોડીરે, કહ્યું સુણો નાથજી;
અમારી પ્રતીપાળ કરોરે, અમે જોડ્યા હાથજી. ૭૮
અમારા દીનવચન સુણીરે, હસી હરી હરખીઆ;
એમ હરીએ જ્ઞાન દીધારે, એમે સખી પરખીઆ. ૭૯
ત્યાં ફર્યા હરી કુદડીરે, રમા આંખ મીચામણી;
ઓધવજીએ કૃષ્ણેરે, મેલી મરજ કામની. ૮૦
ઓધવજી નાથ ક્યારે કરે, અમારા મનહર્યાં;
એતો હવે ડાહ્યો થયો રે, અમને ગેલાં કરયાં. ૮૧
રીત લોક લાજ રે, તે તો અમે પરહરી;
ઓધવજી એમ કરી રે, અમે એને અનુસરી. ૮૨
એતો અમને સાંભરે ઘણા રે, એને અમે વીસરા;
અમારો શો વાંક ઓધવ રે, વાલે અમને પરહરા. ૮૩
એને તો નારી વણી રે, અમો જેવી કંહી;
ઓધવજી એવો વાલો રે, એને તો કાંઇ નહી. ૮૪
ભુંડા લોક બોલતા ભુલેરે, વેણ વગોઇને;
ઓધા અમે સાંભળી કાને રે, રહેતા ચુપ રોઇને. ૮૫
હવે શુજોગ જાણું રે, લાલ મુખ જોઇને;
એને ગીરધર ધારીએ ઓધવરે, લીધુ મનમોહીને. ૮૬
ગોપી મુખે પ્રેમ કથા રે, ઓધવજીએ સાંભળી;
લળી લળી પાય લાગેરે, પ્રેમ ભાવે ભળી. ૮૭

ગદ ગદ કંઠે ઓધવ રે, થયા છે ગળગળા;
વ્રજમાં પ્રગટ દીસે રે, વેદોથી છે વેગળા. ૮૮
ઓધવ કહે કયાંથી રે, વ્રજ પંદરજ જડે;
ગોપીનો ભાવ જોઇ રે, આંખે આંસુ પડે. ૮૯
વેદને દુર્લભ ઇસ રે, એવા પ્રભુ શ્રી હરી;
એની તમે ભક્તી પામા રે, કોણ પુને કરી. ૯૦
મેતો સરવે શાસ્ત્ર જોયા રે, કહે ઓધવજી કથી;
જેવા હરી તમને વાલારે, તેવા કોઇને નથી. ૯૧
તમારી ભકતી આગળ રે, બીચારા અતી દીનછે
કાંઇ એઉનીપર કૃપા થાય રે, વ્રજપરાધીન છે. ૯૨
ઓધવ કહે મોકલો જોવા રે, કુશળ ખેમને;
અરે ધન ધન ગોપી રે, તમારા પ્રેમને. ૯૩
ઓધવ કહે કેમ જઇએ રે, વ્રજપદ વસતાં;
હરી મુને ભકતી દેજો રે, ગોપી રજ ભજતાં. ૯૪
ઓધવે રથ હાંકયો રે, વ્રજ પ્રણામ કરી;
વેગ આવ્યા કૃશ્ન પાસે રે; પ્રેમે મથુરાપુરી. ૯૫
તવે શ્રી કૃશ્ને કહ્યું રે, ઓધવજી કેમ છે.
જસોદાને નંદબાબા રે, સઉ વ્રજ ક્ષેમ છે. ૯૬
ઓધવજી કહે સાંભળો પ્રભુ રે, ગોપીકાની વારતા;
ખટકે તમારો વીયોગરે, બીજુ નથી ભાળતા. ૯૭

જેવા હરી પ્રગટ અહીયાં રે, તેવા એમન મન છો;
તમારા વ્રજજન રે, તેને તમે ધન છો. ૯૮
નીસદીનરટે રે, થઈ બે બાકળી;
તમારો સંબંધ રે, સાધી વ્રજ સાંકળી. ૯૯
કંઈ ગતી કહી ન જાય રે, ગોપીજનના નેમની;
વેદરસ ત્રટ વહે રે, છકીરસ પ્રેમની. ૧૦૦
વેદનો કહે સુવદેરે, રહી વ્રજમાં બાળીઆ;
એમ શુ તમને ભાંખુ રે,અબળા મહી ભાળીયા.૧૦૧
સ્રીલોક નથી રે, ધન વ્રજ સુંદરી;
મહાનીધ કૃશ્ન પામી રે, લાડ લડાવ્યા હરી. ૧૦૨
શુક સઉનક ઓધા રે, સંભારે તે શ્રી હરી;
કહો કોને ભકતી કીધી રે, ગોપીની બરાબરી. ૧૦૩
વેદરૂપી વાસ મળી રે, વીધી કહે વેદમાં;
તેતો વસ ગોપીએ કીધો રે,ભવરસ સનેહ ભેદમાં.૧૦૪
હુંતો મતીમંદ પ્રભુ રે, વ્રજ નીંદા કરી;
ગોપી ભકતીરસ કહે રે, નથી કોઇયે કરી. ૧૦૫
હુંતો કાંઇ ન લેહેતો રે, માહા કર્મ જડ હતો;
વ્રજપદ રજ અડે રે, હવે હું થયો છતો. ૧૦૬
વીધી કરમ સંગ દુખે રે, અહમેવ આણતો;
પ્રભુ તમને જે વલ્લભરે, તેતો હું નવ જાણતો. ૧૦૭

હરી તમને તે જાણે રે, જેને સતસંગ છે;
જેનું એક મન હોયે રે, સખા શ્રી રંગ છે. ૧૦૯
જેમાં પ્રભુ તમે વસો રે, તેહમાં પ્રેમ પ્રીત છે;
સકે વ્રજનારી વીના રે, સઉપસુરીત છે. ૧૦૯
વ્રજજનદાસ થાવું રે, ભાગે મારી ભ્રમણા;
હવે મુને ભકતી દેજો રે, છુટે બંધ કરમના. ૧૧૦
તમારે કોણ ભગત રે, ગોપીની હારના;
પ્રભુ તમને કેમ ખમાયરે,વ્રેહતાપ વ્રજનારી વીના.૧૧૧
જેવા હરી વ્રજના વાલા રે, એવા કેને નથી થાવા;
વ્રજ તમે વેહેલા થાવો રે, રખે અળગા જવા. ૧૧૨
ઓધવનું કીધુ સરવે રે, તેતો હરીએ મન ધરૂ;
ગોપીનું રૂપ ધરી રે, વ્રજમાં અવતરૂ. ૧૧૩
અન્યઉપાસી જીવ રે, તેતો નીરમુખે ગયા;
વ્રજના વાહાલા હતા રે, તે પ્રભુ પાસે રહ્યા. ૧૧૪
જે જન હરીના હતા રે, તે ગોકુળ અવતરયા;
કરમ ઝડ હતા રે, તેતો ફરતા ફરયા. ૧૧૫
મહા કોઇ રસીક જને રે, તેને થઇ વ્રજવાસના;
પ્રભુજી મનમાં આણી રે, ખવર નહી આસના. ૧૧૬
તેને હેતે બળવીર રે, વેણું ધરી આવીયા;
વ્રજનારી મળી રે, મોતીડે વધાવીયા. ૧૧૭

ગુણીજન નાચે ગાયે રે, મન પોતી રળી;
અરે સખીમંડપ માંહે રે, વ્રજવેલ વળી. ૧૧૮
જેને જેવું સુખ હતું રે, તેને તેવે મળાયા;
સહુના દુઃખ ભાગ્યા રે, મન પ્રેમ ભાવે ભળ્યા. ૧૧૯
તીલક છાપ માળા રે, શુધરમ પરકાશીયા;
પ્રગટ વીઠલ સરણે રે, શ્રી ગોકુળ વાશીઆ ૧૨૦
અતી સુખ સરવે પામી રે, ભલે આવ્યા હરી;
મળી માનુની મંગળ ગાએ રે, સઉ હરખે ભરી. ૧૨૧
મહા આનંદ ઉર સઉનેરે, વ્રજ વીશાળમાં;
ગોપીજનને ભકતી દીધી રે, કઠણ કળીકાળમાં. ૧૨૨
વ્રજમાં ભકતી વાધી રે, સઉ જાણે સહી;
જે રસીક જન રે, તેતો લોભાઇ રહી. ૧૨૩
કંઇ રસરીત નોતી રે, તે વ્રજ સઉ વાપરી;
જેને વીઠલ શરણ ગ્રહ્યા રે, જુવે નહી પાપની. ૧૨૪
એમ જનાર સરવેરે, છકી પ્રેમરસ ધામમાં;
હરી મુને ભકતી દેજો રે, ગોકુળ ગામમાં. ૧૨૫
મહારસ વસુછુ રે, મહી ચરકલા ચાંચુ ભરે;
તેથી કાઇ થોડું ન થાય રે, વ્રજગુણ વીસત રે. ૧૨૬
વ્રજની ઉંચી દસા રે, તેતો કોઇએ નવ લહી;
જેણે એક કણીકા લહી રે, પ્રભુમાં સમાઇ રહી. ૧૨૭

તમારા ભકતજન રે, તેહુના જે દાસ છે;
તેઉનો દાસ થાઉ રે, પુરો મારી આશ છે. ૧૨૮
શ્રી ગુરૂ વલ્લભ પ્રભુ રે, ચીતડામાં ચંત છે:
પ્રેમરસ ભગતી માગુ રે, ભવોભવ અંત છે. ૧૨૯

મંગળાચરણ.

પેહેલા નાખવા રાખેલ પરંતુ સમાસ ન થતા પાછળ નાખ્યું છે.

જુલડી જુલડી જુલડીરે કાન, જુલડી કયાંતો વીસારી.
ગાયો ચારીને કાનઘેરજઆવ્યા,વારણા લેઉ વારીવારી,
માતાએ આગણે ઉઘાડા દીઠા જુલડી કયાંતો વીસારી
નંદના નાનડીઆરે, ખમા મારા મનના, મોસનજીરે,
ખમા મારા તનના, તીકમજીરે ખમા કાન, જુલડી
જુલડી કયાંતો વીસારી.
રૂવે રૂવેને રૂદન કરે છે, આવી બેઠા એના ઓટે;
એરે જુલડીને કારણે, કાન કુવર ભોંયમાં લોટેરે, નંદના
એરેજુલડીનેહીરારતનજડીઅલ, જડીઅલમાણેકમોતી,
એરે જુલડીને કારણે હુંતો હેડુ ગોકુળીયું જોતીરે. નં.
સાવ સોનાની જુલડીને, પ્રેમ રૂપાનાં ધાગા,
અવર બાળકને નહી ઓપે, મારાકાન કુવરના વાગારે.નં.
રૂપીએગજનીઅતલસમંગાવુંને, પ્રેમનીસીવડાવું ટોપી,
ખાંતીલેસહુએશીાવણમીજી,જોહમોહીછેવ્રજની ગોપીરે.નં

વીસરૂપીયાનીભરગચીમંગાવુંને,બખીયામેલાવુંરામરાતા
ગાએ સોખેને સાંભળેરે. ગુણગાયછે જસોદામાતારે. નં.

દસ અવતારની આરતી.

ઉતારોને આરતી ગોવાળો ઘેર આવ્યો,
માતા જસોદા કુંવર કાન ઘેર આવ્યો;
મોતીડાનો થાળ ભરીને ચોખલીએ વધાવ્યો,
હરખને ઉલામણે સામળીઓ ઘેર આવ્યો. ટેક.

ધાઇને ધનવંતો આવ્યો, વેદ ભણીને સુખમણ
કાવ્યો; જળમાં નારી પરણી લાવ્યો, મછારૂપે જે-
જેકાર વરતાવ્યો. ઉતારોને આરતી. ૧

કછારૂપે કરણી કીધી, બધી પૃથવી પુંઠે લીધી,
નાગ નેતરે નરત સીધી, ચઉદ રતન ઘેર લાવ્યો.
ઉતારોને ૨

ભગતજનની ભીડ સારી, હુંબલીહારી તમપરવા-
રી; બુડતી પૃથવા પળમાં તારી, વરાહ રૂપ ધરાઓ.
ઉતારોને ૩

કાણાને કુબેહરો કીધો, વધીને પ્રહ્લાદ પીધો, વ-
મનનાનું રૂપ ધરી સીધો, બળરાજા બોલાવ્યો.
ઉતારોને ૪

નરસીંગરાયનું રૂપ ધારી, હરણાકસને હાથે મારી,
પેલાદની પરતમાં પ્યારી, અગનમાં ઉગાર્યો. ઉતારોને ૫

ફરસરામની ફરસી ફરી, સીસાવનમાં અરજન
મરી: ગાયત્રીની વહાર કરી, ગજ જીવત ઉગાર્યો.
ઉતારોને ૬
સીતાની તો સોધ લાધી, સાગર ઉપર પાળ બાંધી;
લંકા મધે ચડી આવી, ભક્ત ભવીક્ષણ ભાવ્યો.
ઉતારોને ૭
મેગનાથનું સીસ વેધી, કુંભકરણનું કાળજુ ભેદી;
રાવણના દસ મુસ્તક છેદી, સીતાવાળી ઘેર લાવ્યો.
ઉતારોને ૮
આઠમે આળશ મોડી, સુવરણ ગેડી કરમાં જોડી;
સેસનાગની ફેણુ તોડી, કમળા સારો લાવ્યો.
ઉતારોને ૯
નવમે બુધા અવતાર આવ્યા, સરવ ધામ સંતધા-
આ, જળમાં બેસી પોતે નાવ્યા, ભગતને નવરાવ્યો.
ઉતારોને ૧૦
દસમે કલંકી કળીઆ, ગેહેતાજીને સામા મળીઆ;
ભવતણા ફેરા ટળીઆ, ખરદુખણ હણી હરાવ્યો.
ઉતારોને ૧૧

સમાપ્ત.